પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૯ | ૨૯ ઓગસ્ટ, ૨૦૧૭, મંગળવાર ; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીમાં આપ અને ગોવામાં ભાજપ વિજયી

દિલ્હીની બવાના વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના રામચંદરે ભાજપના વેદપ્રકાશને ૨૪ હજાર મતોથી હરાવી વિજય મેળવ્યો હતો. જ્યારે ગોવાની પણજી વિધાનસભા બેઠક પર મુખ્યમંત્રી મનોહર પરિકર જંગી બહુમતીથી વિજયી બન્યા છે.

### જસ્ટીસ દિપક મીશ્રા સુપ્રિમના મુખ્ય ન્યાયાધિશ



સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ પદે જસ્ટીસ દિપક મીશ્રાનો શપથવિધિ સંપન્ન થતાં તેમણે હોદ્દો સંભાળ્યો હતો. દિપક મીશ્રા પ્રથમ ન્યાયમૂર્તિ છે કે જેઓને ઝેડ પ્લસ સીક્યોરીટી અપાઈ છે.

### મુંબઈમાં ભારે વરસાદ

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં અતિભારે વરસાદ થતાં જનજીવન ખોરવાયું હતું. સાડા ત્રણ મીટરથી વધુ ઉંચાઈ સુધીના મોજાં ઉછળ્યા હતા.

# રામ રહીમને ૧૦-૧૦ વર્ષની સજા

## બે જુદા જુદા રેપ કેસોમાં કઠોર સજાની સાથે સાથે ૧૪ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો : અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે રોહતકના સુનારિયા જેલમાં કામચલાઉ કોર્ટ ઉભી કરાઈ : જજ લખીને ચુકાદો લાવ્યા : બાબાની બધી દલીલો ફગાવાઈ

સિરસા, તા. ૨૮ સાધ્વી પર રેપના કેસમાં દોષિત જાહેર કરવામાં આવેલા ડેરા સચ્ચા સૌદાના વડા વિવાદાસ્પદ બાબા ગુરમીત રામ રહીમને સીબીઆઈની ખાસ અદાલતે ધારણા પ્રમાણે જ કઠોર સજા ફટકારવામાં આવી હતી. રામ રહીમને બે જુદા જુદા મામલામાં ૧૦-૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. સજા અલગ અલગ ભોગવવાની રહેશે. જજે રામ રહીમને ૧૦-૧૦ વર્ષની જેલની સજાની સાથે સાથે બંને પીડિતોને ૧૪ લાખ રૂપિયાનો દંડ પણ કર્યો છે. કોર્ટમાં બાબાની કોઈ દલીલો સાંભળવામાં આવી ન હતી. તેમની દલીલો બિનઅસરકારક સાબિત થઈ હતી. સીબીઆઈ કોર્ટે બાબા રામ રહીમને કલમ ૩૭૬,

● અનુસંધાન પાન-૭ પર

# ડોકલામ વિવાદનો અંત

## ભારતનો મોટો કૂટનીતિક વિજય : ભારત-ચીન સેના હટાવવા તૈયાર

ન્યુ દિલ્હી/બેઈજિંગ, તા. ૨૮ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચીન પ્રવાસની પહેલા જ ભારતને એક મોટી કૂટનીતિક જીત મળી છે. ડોકા લા વિવાદ પર ભારત સતત કહેતું રહ્યું હતું કે વાતચીતથી ઉકેલ લાવવામાં આવશે જ્યારે ચીને યુદ્ધની ધમકીઓ આપ્યા કરી. પરંતુ આખરે ભારતના મક્કમ વલણ પાસે ચીને નમતુ જોખવું પડ્યું અને હવે ભારત અને ચીન બંને ડોકા લામાંથી સેના હટાવવા તૈયાર થઈ ગયા છે. જો કે જે નિવેદન આવ્યું છે તેનાથી સ્પષ્ટ નથી કે કયો દેશ પહેલા પોતાની સેના હટાવશે. લગભગ ૩ મહિનાથી બંને દેશોની સેના ડોકા લામાં આમને સામને હતી. અત્રે જણાવવાનું કે પીએમ મોદી થોડા દિવસ બાદ બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે ચીનના શ્યામન શહેર જવાના છે. આ પ્રવાસ પહેલા બંને દેશો વચ્ચેનો વિવાદ ઉકેલાય તેવા પ્રયત્નો થઈ રહ્યા હતાં.

● અનુસંધાન પાન-૭ પર

INDIAN INSTITUTE OF PUBLIC HEALTH GANDHINAGAR
Admissions open in
Masters in Hospital Administration (MHA)
Offered by IIPHG, First Public Health University of India.
For details please visit
www.iiphg.edu.in
Last Date : 31-08-2017









## લોકહીત મિલન/અભિવાદન સમારોહ

ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી
**શ્રી વિજયભાઈ રૂપાણી**

ગુજરાત રાજ્યના માન. નાયબ મુખ્યમંત્રી
**શ્રી નિતીનભાઈ પટેલ**

ભારતીય જનતા પાર્ટીના માન. પ્રદેશ પ્રમુખ
**શ્રી જીતુભાઈ વાઘાણી**

ભારતીય જનતા પાર્ટીના માન. પ્રદેશ મહામંત્રી
**શ્રી કે.સી.પટેલ**

## ઉપરોક્ત ચારેય મહાનુભાવો ની પ્રેરક ઉપસ્થિતિમાં



અમિત એચ. ચૌધરી
પૂર્વ ધારાસભ્ય, માણસા

સાદર પ્રણામ,

આપ સૌના મતરૂપી વરદાનથી હું માણસા વિધાનસભાનો લોક પ્રતિનીધી બનીને વિધાનસભામાં પહોંચ્યો જે બદલ હું આપનો ઋણી છું. આપ સૌના અનન્ય સાથ અને સહકારથી મેં વિતેલા વર્ષોમાં પ્રજાલક્ષી કાર્યો કરવામાં સંનિષ્ઠતા પૂર્વક મારી ફરજ બજાવી છે. હજુ આપણા મત વિસ્તારમાં ઘણા અધૂરા કાર્યો કરવાના બાકી છે, મેં સમર્થકો, કાર્યકરો અને મિત્રો સાથે લોકહીતને ધ્યાનમાં રાખી...

**વિશ્વની સૌથી મોટી પાર્ટી "ભારતીય જનતા પાર્ટી"** માં જવાનો રાજકીય નિર્ણય લીધો છે.

અમો આપ બધાની વચ્ચે નીચેના સ્થળ અને સમયે કેસરીયો ખેસ પહેરવા માંગીએ છીએ ત્યારે આપ સૌને મિત્રો સાથે પધારવા મારૂ હાર્દિક નિમંત્રણ છે.

તારીખ :- ૨૯-૮-૨૦૧૭, મંગળવાર
સમય :- સવારે ૯-૦૦ કલાકે

સ્થળ :- ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ વાડી, રીદ્રોલ રોડ, કેનાલ પાસે, માણસા, જી. ગાંધીનગર

કાર્યક્રમ બાદ સ્વરૂચી ભોજન સાથે લઈશું.